પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસનોટ

## હરીયાણા રાજયમાંથી એક આઈશર કંપનીના દશ ટાયરવાળા કન્ટેનરમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ કુલ નંગ-૧૪૦૬ કિ.રૂ.૭,૦૪,૦૦૦/- ની મતાના વિદેશીદારુ ભરી લાવી કુલ્લે કિ.રૂ.૫૧,૩૮,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા.શ્રી તેમજ ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન સા.શ્રી અમદાવાદશહેર નાઓએ નવરાત્રિના તહેવાર નિમીતે પ્રોહિબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડના મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા હે.કો.ઈન્દ્રજીતસિંહ ભુપતસિંહ બ.નં.૯૫૮૭ તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.રણજીતસિંહ હેમતસંગ બ.નં.૧૦૧૦૪ તથા પો.કો.યુવરાજસિંહ નટુભા બ.નં.૧૧૧૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા કલાક.૧૦/૩૦ વાગે નારોલ - વટવા કેનાલ રીંગરોડ ઉપર આવતાં સાથેના પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા પો.કો.યુવરાજસિંહ નટુભા નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " એક આઈશર કંપનીનુ દશ ટાયરવાળુ કન્ટેનર નં.**RJ-18-GB-3827** નો ચાલક કેટલોક ગેરકાયદેસરના ભારતીય બનાવટના વિદેશીદારુનો જથ્થો ભરી લાવી હાથીજણ સર્કલ તરફથી આવી અત્રે થઈ ઉજાલા સરખેજ તરફ જવાનો છે." જે બાતમી આધારે પંચો સાથે છુટાછવાયા વોચમાં હાજર રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ કન્ટેનર ગાડી નં.**RJ-18-GB-3827** નો ચાલક મનોજ મહાવીરસિંહ જાતે જાટ(ચૌધરી) ઉ.વ.૨૫ ધંધો.ડ્રાઈવીંગ રહે.ગામ.ભાન્ડવા તા.બાઢડા થાના.બાઢડા જી.ચરખીદાદરી હરીયાણાનાનો ચલાવી લઈ આવતાં તેમાં જોતાં વિદેશીદારુ ભરેલ હોય જેથી સદરી કન્ટેનર પો.સ્ટે.ખાતે લાવી પંચો રૂબરૂ જોતાં (૧) ભારતીય બનાવટના વિદેશીદારુની સીલબંધ કુલ બોટલ નંગ-૧૪૦૬ કિ.રૂ.૭,૦૩,૦૦૦/- તથા (૨) કલરના ડબ્બાઓ ભરેલ ખાખી પુંઠાના બોક્ષ નંગ-૯૫૬ કિ.રૂ.૩૦,૩૨,૦૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૩૫૦૦/- (૪) એક આઈશર કંપનીનુ કન્ટેનરની કિ.રૂ.૧૪,૦૦,૦૦૦/- તથા (૫) આર.સી.બુક તથા ગાડીના અન્ય કાગળોની નકલો તથા બિલો

તથા ડેબીટકાર્ડ તથા આધારકાર્ડ ડ્રાઈવીંગ લાયસન્સની કલર કોપીની કિ.રૂ.૦૦/૦૦ ગણી મળી આવેલ તમામની કુલ્લે કિ.રૂ.૫૧,૩૮,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કન્ટેનરના ચાલક તથા વિદેશીદારુ ભરી આપનાર અજય જાટ મો.નં.૯૫૩૪૩૯૧૮૩૨ તથા વિદેશીદારુ મંગાવનાર મો.નં.૮૧૪૧૫૬૭૯૩૩ નો વપરાશકર્તા વિરૂધ્ધ નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૨૩૬/૨૦૧૯ ધી પ્રોહીએકટ ક્લમ. ૬૫એ) (ઇ), ૬૬(૧) (બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબનો ગુનો રજીસ્ટર કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

